જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૩/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૪૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૫૮ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૫૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૪ બીયરટીન, ૦૨ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૧૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૪૪૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૪૪૮/૨૦૨૬**

ઈસનપુરઃ દિપકકુમાર સ/ઓ ચંદ્રકાંત પંડ્યા (ઉ.વ.૬૬)(રહે.પુષ્કર બંગ્લોઝ જેઠાભાઈની વાવ સામે ઈસનપુર) એ તા.૨૮/૦૩/૨૦૨૬ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૩/૨૦૨૬ સવારના ૧૧/૩૦ થી તા.૨૩/૦૩/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન ઈસનપુર ગોવિંદવાડી મનશાપુરી મહાદેવ મંદિરની બાજુમાં આવેલ પંજાબ નેશનલ બેંકના એ.ટી.એમ. મશીનમાંથી પૈસા ઉપાડવા ગયેલ હતા ત્યારે એ.ટી.એમ.મશીન કેબીનમાં રહેલ અજાણ્યા પુરૂષએ દિપકભાઇ સાથે વાતચીત કરી તેમની નજર ચુકવી, દિપકકુમારનુ ડેબીટ કાર્ડ બીજા ડેબીટ કાર્ડ થી બદલી લઇ, દિપકકુમારના ડેબીટ કાર્ડનો પીન નંબર જોઈ લઈ, દિપકકુમારના એસ.બી.આઈ. બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૧૦,૦૦૦/– એ.ટી.એમ મારફતે વિડ્રોવલ કરી તેમજ રૂપિયા ૭૦,૦૦૦/– ના ગોલ્ડની ખરીદ કરી કુલ રૂપિયા ૧,૮૦,૦૦૦/– ઉપાડી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એલ.રબારી ચલાવે છે.

નારોલઃ કેશવલાલ શંકરલાલ પ્રજાપતી (ઉ.વ.૪૧)(રહે.રેમ્બો રીવેરા ફ્લેટ કર્ણાવતી–૪ પાસે, નારોલ) એ તા.૨૮/૦૩/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૩/૨૦૨૬ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે અજાણ્યા મોબાઇલ નંબર ૯૨૧૭૯૪૦૭૫૧ તથા મોબાઇલ નંબર ૯૨૮૯૬૪૨૫૬૭ ના ઉપયોગકર્તા મોબાઇલ ધારક એ કેશવલાલ પ્રજાપતીની વિમા પોલીસી બાબતે ફોન કરી, વિમા પોલીસીનું પ્રિમિયમ ભરવાનું કહી, કેશવલાલના સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૩૬,૯૩૨/– ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લઇ કેશવલાલ પ્રજાપતી સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એ.ગઢવી ચલાવે છે.

ક્રાઇમબ્રાંચઃ સ્મિતરાજસિંહ જયદેવસિંહ ઝાલા (ઉ.વ.૨૨)(રહે. લક્ષ્મીકોલોની, સરદારનગર સમાજવાડી પાસે, નડીયાદ) એ તા.૨૮/૦૩/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે જુલાઇ/૨૦૨૫ થી તા.૧૯/૧૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સરદાર પટેલ સ્ટેડીયમ પાસે, ઓમ શ્રી ગોકુલ કોમ્પ્લેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર ૧૦૪ ખાતે આવેલ "ફાઇવટેક ઇન્ટરનેશનલ સર્વીસ" નામની કંપનીની ઓફીસ ખાતે આરોપી (૧) રાહુલ ગુપ્તા (મેનેજર:– ફાઇવટેક ઇન્ટરનેશનલ સર્વીસ કંપની અમદાવાદ) (૨)કૈલાસ મિણા (રીઝનલ મેનેજર:–ફાઇવટેક ઇન્ટરનેશનલ સર્વીસ કંપની) અને (૩) ફાઇવટેક ઇન્ટરનેશનલ સર્વીસ કંપની તથા તેના મળતીયા માણસોએ ભેગામળી સોશીયલ મીડીયા દ્વારા "દુબઇ ટેક્ષી કંપનીમાં ટુવ્હીલર તથા ફોર વ્હીલર ના ડ્રાઇવરની નોકરી અપાવવાની" લોભામણી જાહેરાતો કરી, એક વ્યકતિના રૂપિયા ૧,૨૫,૦૦૦/– માં બે વર્ષના વર્ક વિઝા ઉપર દુબઇ જવાનુ અને માસીક ૩૫૦૦ થી ૫૫૦૦ યુ.એ.ઇ. દિરહામ સેલેરી, જમવાનુ ફ્રી અને યુ.એ.ઇ. નું ટુ–વ્હીલરનુ લાઇસન્સ, એક સમયની એર ટીકીટ, ૩૦ દિવસની રજા તેમજ નવુ બાઇક આપવાની વાત કરી વિશ્વાસમાં લઇ, સ્મિતરાજસિંહ ઝાલા અને તેમના મિત્ર કરણકુમાર ભીખાભાઇ સોલંકીના મળી કુલ રૂપિયા ૨,૭૪,૫૦૦/– મેળવી લઇ, ફાઇવટેક ઇન્ટરનેશનલ કંપની ગવર્મેન્ટ ઓફ ઇન્ડીયા મીનીસ્ટ્રરી ઓફ એક્ષટર્નલ એફેર્સમાં રજીસ્ટર ના હોવા છતા રાહુલ ગુપ્તા, કૈલાસ મિણા તથા ફાઇવટેક ઇન્ટરનેશનલ સર્વીસ કંપની તથા તેના મળતીયા માણસોએ મોટર સાયકલ ડ્રાઇવર તરીકેની જોબ ઉપર દુબઇ મોકલી, દુબઇ ખાતે અસલ પાસપોર્ટ લઇ નોકરી નહી આપી, વધુ નાણાની માંગણી કરી તેમજ ત્યાં પેપરો ઉપર સહી કરાવી છેતરપિંડી અને વિશ્વાઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.કે.ભરવાડ ચલાવે છે.

શહેરકોટડાઃ અશ્વિનભાઇ લાલજીભાઇ ચૌહાણ (ઉ.વ.૩૬)(રહે.ચામુંડા હેલ્થ ક્વાર્ટર્સ, ચામુંડા બ્રિજ પાસે, સરસપુર) એ તા.૨૮/૦૩/૨૦૨૬ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૩/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે તેમના મોબાઈલ ફોનમાં ગેમ રમતા હતા ત્યારે કોઈ અજાણી વ્યક્તિએ અલગ–અલગ એપ્લીકેશન ડાઉનલોડ કરવાની જાહેરાત કરી, જે પૈકી અશ્વિનભાઇએ એક એપ્લીકેશન ડાઉનલોડ કરતા, અશ્વિનભાઇનો ફોન અચાનક હેક કરી અજાણ્યા બેંક ખાતા નંબર–૨૦૩૫૮૮૩૩૦૪૩ ના ખાતા ધારકે અથવા તેના ઉપયોગ કરનારે અશ્વિનભાઇ ચૌહાણના બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂપિયા ૯૯,૦૦૦/– ફોન–પે યુ.પી.આઈ. દ્વારા ઓનલાઈન ટ્રાન્જેકશન કરી પોતાના ખાતામાં મેળવી લઇ અશ્વિનભાઇ ચૌહાણ સાથે છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

ગાયકવાડ હવેલીઃ જુનેદ્ખાન સ/ઓ ઝુલ્ફીકાખાન પઠાણ (ઉ.વ.૩૪)(રહે.આંબલીવાડનું ડેહલુ, ગાયકવાડ હવેલી) એ તા.૨૮/૦૩/૨૦૨૬ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૩/૨૦૨૬ બપોરના ૧/૦૦ થી તા.૨૩/૦૩/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન Saibaba trading COMPANY Lasalgaotpyaaz નામની INSTRGRAM ID તથા મોબાઇલ નંબર– ૭૯૭૨૨૬૬૩૪૦ ના ધારકે સાંઇબાબા ટ્રેડીગ ઉપર થી ડુંગળી વેચવાની બોંહેધરી આપી, શ્રી Saibaba trading COMPANY Lasalgaotpyaaz INSTAGRAM નામની ID ઉપર મળેલ એકાઉન્ટ નંબર 50200068886009 IFSC HDFC0004128 BRANCH LASALGAON મા જુનેદખાન પઠાણ એ કુલ રૂપિયા ૫૦,૦૦૦/– ઓનલાઈન પેમેન્ટ Spay india payment confirmation કરી, જાહેરાત મુજબના પ્યાઝ(ડુંગળી) ખરીદ કરેલ હોય, જેની ડીલવરી આજદિન સુધી નહી મળતા તેમજ કરેલ પેમેન્ટના રૂપિયા પણ પરત નહી આપી જુનેદખાન પઠાણ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.વી.ગોસાઇ ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર ચાદી નં.૪૪૯/૨૦૨૬**

ચાંદખેડાઃ સેલ્વી વા/ઓ વિજયકુમાર (ઉ.વ.૩૯) (રહે. દિપભૂમી રેસિડેન્સી વિભાગ–૧ નિગમનગર ચાંદખેડા) તા.૦૯/૦૩/૨૦૨૬ સવારના ૬/૧૫ વાગ્યાના સુમારે ચાંદખેડા ઉત્સવ કોર્નર ત્રણ રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સેલ્વી વિજયકુમારના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૭૦,૦૦૦/– ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સેલ્વી વિજયકુમાર એ તા.૨૮/૦૩/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.યુ.ઠાકોર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી